# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 29/09/2026 |
| Test Time | 5:00 PM - 7:00 PM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Select the option that can be used as a one-word substitute for the given phrase.**

**Anything written in a letter after it is signed**

**Ans**
✗ 1. Attachment
✗ 2. Manuscript
✗ 3. Undercurrent
✓ 4. Postscript

**Q.2** **Change the given sentence into Past Perfect Tense.**
**They will be flying over the Atlantic Ocean.**

**Ans**
✗ 1. They had been flying over the Atlantic Ocean.
✗ 2. They had been flown over the Atlantic Ocean.
✓ 3. They had flown over the Atlantic Ocean.
✗ 4. They had flew over the Atlantic Ocean.

**Q.3** **Select the sentence that uses the past tense correctly.**

**Ans**
✗ 1. They has finished the science project before the deadline.
✗ 2. They were finish the science project before the deadline.
✗ 3. They finish the science project before the deadline.
✓ 4. They finished the science project before the deadline.

**Q.4** **Select the most appropriate meaning of the given proverb.**

**A wager is a fool's argument.**

**Ans**
✗ 1. Wagers prove who is right in a dispute.
✗ 2. Arguments should always end in a bet.
✗ 3. A fool always wins when gambling.
✓ 4. Betting is a foolish way to make decisions.

**Q.5** **Select the option that rectifies the underlined part of the given sentence.**

**Sheetal could have reached home by now; it's already late.**

**Ans**
✓ 1. should have
✗ 2. couldn't have
✗ 3. can have
✗ 4. wouldn't have

Q.6 **There are four word segments given below. Arrange the word segments in the correct order to form a complete sentence.**

**A. he was very tired**
**B. after a long day**
**C. in the office**
**D. and went straight to bed**

Ans
✗ 1. B – A – C – D
✗ 2. A – B – C – D
✓ 3. B – C – A – D
✗ 4. A – C – D – B

Q.7 **Choose the most appropriate option to complete the given sentence.**

**The manager walked _____ the office _____ a file in his hand, ready for the presentation.**

Ans
✗ 1. through, of
✓ 2. into, with
✗ 3. towards, by
✗ 4. across, at

Q.8 **"I shall stay in this hotel." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

Ans
✗ 1. હું આ હોટેલમાં રહું છું.
✓ 2. હું આ હોટેલમાં રોકાઈશ.
✗ 3. હું આ હોટેલમાં ગયો હતો.
✗ 4. હું આ હોટેલ ખરીદીશ.

Q.9 **Which of the following sentences is the complex-sentence transformation of the given base sentence?**
**Base sentence: He studied hard; he passed the exam.**

Ans
✗ 1. Having had studied hard, he passed the exam.
✗ 2. He studied hard; as he passed the exam.
✗ 3. He studied hard and passed the exam.
✓ 4. He passed the exam because he studied hard.

Q.10 **Select the most appropriate option to complete the given sentence.**

**William Joe is expected to be made a _______ for his work at the Bank of England.**

Ans
✗ 1. nite
✗ 2. night
✓ 3. knight
✗ 4. knit

Q.11 **Choose the one word option that best describes the given phrase.**

**A government characterized by arbitrary or oppressive use of power**

Ans
✗ 1. Autocracy
✓ 2. Despotism
✗ 3. Oligarchy
✗ 4. Democracy

**Q.12** **Select the most appropriate synonym of the underlined word in the given sentence.**
**David was wearing a <u>vivid</u> red shirt.**

**Ans**
- ✗ 1. faded
- ✗ 2. pale
- ✗ 3. sketchy
- ✓ 4. expressive

**Q.13** **Select the option that transforms the given sentence to passive voice.**

**The hostess was calling the maid to her room.**

**Ans**
- ✓ 1. The maid was being called to her room by the hostess.
- ✗ 2. The room was being called by the hostess to the maid.
- ✗ 3. The maid had been called to her room by the hostess.
- ✗ 4. The hostess has been calling the maid to her room.

**Q.14** **Convert the given sentence into indirect speech.**

**Karan said, "I don’t understand this chapter."**

**Ans**
- ✓ 1. Karan said that he didn’t understand that chapter.
- ✗ 2. Karan said that he doesn’t understand this chapter.
- ✗ 3. Karan said that he hadn’t understood this chapter.
- ✗ 4. Karan said that he didn’t understood that chapter.

**Q.15** **Complete the sentence with proper articles.**
**We visited __ Red Fort and enjoyed __ sound and light show there.**

**Ans**
- ✗ 1. the, no article
- ✓ 2. the, the
- ✗ 3. a, an
- ✗ 4. the, a

## Section : **Gujarati**

**Q.16** **'મને દરરોજ સવારે મંદિરે જવું ગમે છે.' વાક્યનો સાચો અંગ્રેજી અનુવાદ કયો છે?**

**Ans**
- ✓ 1. I like to go to the temple every morning.
- ✗ 2. I likes to go to the temple every morning.
- ✗ 3. Me like to go to the temple every morning.
- ✗ 4. I am like to go to the temple every morning.

**Q.17** **સંધિ જોડો: અધ્ + શેર**

**Ans**
- ✓ 1. અચ્છેર
- ✗ 2. અધોછેર
- ✗ 3. અચેર
- ✗ 4. અધછેર

**Q.18** **સાચી જોડણીવાળું વાક્ય શોધો.**

**Ans**
- ✗ 1. પરિક્ષકે વિધાર્થીની ઉત્સુકતા જોઈને તેને સાબાસી આપી.
- ✗ 2. પરિક્ષકે વિધાર્થીની ઉત્સૂકતા જોઈને તેને શાબાશી આપી.
- ✓ 3. પરીક્ષકે વિદ્યાર્થીની ઉત્સુકતા જોઈને તેને શાબાશી આપી.
- ✗ 4. પરીક્ષકે વિદ્યાર્થીની ઉતસુકતા જોઈને તેને સાબાસી આપી.

Q.19 'હાથ હેઠા પડવા ' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય?

Ans
- ✗ 1. વધારે ઉત્સાહથી કામ કરવું.
- ✗ 2. કોઈને મદદ કરવા આગળ આવવું.
- ✓ 3. નિરાશ થવું.
- ✗ 4. હાથ નીચે મૂકી બેસી જવું.

Q.20 'હાલ' શબ્દનો વિરુદ્ધાર્થી કયો છે ?

Ans
- ✗ 1. અવસ્થા
- ✗ 2. સ્થિતિ
- ✓ 3. બેહાલ
- ✗ 4. સમય

Q.21 એક જ વર્ણનો વારંવાર પ્રયોગ થવાથી કયો અલંકાર બને છે?

Ans
- ✓ 1. વર્ણાનુપ્રાસ
- ✗ 2. ઉપમા
- ✗ 3. શબ્દાનુપ્રાસ
- ✗ 4. સજીવારોપણ

Q.22 વેઠે એ વનવાસનાં વિકટ હા! કષ્ટો શરીરે અતિ : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

Ans
- ✗ 1. મંદાક્રાન્તા
- ✓ 2. શાર્દૂલવિક્રીડિત
- ✗ 3. વસંતતિલકા
- ✗ 4. સ્રગ્ધરા

Q.23 'ગંગાજળ' શબ્દનો સમાસ ઓળખાવો.

Ans
- ✓ 1. તત્પુરુષ
- ✗ 2. દ્વંદ્વ
- ✗ 3. કર્મધારય
- ✗ 4. દ્વિગુ

Q.24 વ્યંજનની નીચે કરાતો ત્રાંસો લીટો (ખોડો અક્ષર) વ્યાકરણમાં શું દર્શાવે છે?

Ans
- ✗ 1. અક્ષર મોટો છે
- ✓ 2. વ્યંજન સ્વર રહિત (શુદ્ધ વ્યંજન) છે
- ✗ 3. વાક્ય પૂરું થયું છે
- ✗ 4. જોડણી ખોટી છે

Q.25 નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.

Ans
- ✗ 1. માણસે કરવા જોઈએ પ્રત્યેક પાલન નિયમોનું ટ્રાફિકના ચુસ્તપણે.
- ✗ 2. કરવી જોઈએ ચુસ્તપણે નિયમોનું ટ્રાફિકના માણસે પાલન પ્રત્યેક.
- ✓ 3. પ્રત્યેક માણસે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ.
- ✗ 4. ટ્રાફિકના કરવો જોઈએ પાલન પ્રત્યેક નિયમોનું માણસે ચુસ્તપણે.

Q.26 "સમાધાન" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?

Ans
- ✓ 1. Compromise
- ✗ 2. Quarrel
- ✗ 3. Conflict
- ✗ 4. Dispute

**Q.27** **'ગાય' શબ્દની સાચી ધ્વનિઘટક રચના કઈ છે?**

Ans
1. ગ્ + અ + ય્ + આ
2. ગ્ + આ + ય્ + અ
3. ગ્ + ઓ + ય્ + અ
4. ગ્ + એ + ય્ + અ

**Q.28** **સૌથી છેલ્લો શબ્દ કયો આવશે?**

Ans
1. બકરી
2. ઘોડો
3. ગાય
4. ઊંટ

**Q.29** **નીચેનામાંથી સર્વનામ સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:**

Ans
1. વહાણ ધીમે-ધીમે સાગરની અંદર સરકતું હતું.
2. મોટી સોટી વાગતા જ ચોર ભાગી ગયો.
3. બારીમાંથી રાત્રે ઠંડો પવન આવતો હતો.
4. આ નવો વિચાર તમારામાં જ રાખજો.

**Q.30** **'જંગલ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

Ans
1. પંકજ
2. રવિ
3. વન
4. નભ

## Section : **General Awareness and Current Affairs**

**Q.31** **ગ્લોબલ રિસ્ક પર્સેપ્શન સર્વે (GRPS) 2026 અનુસાર, નીચેનામાંથી કયા વિકલ્પને 2026 માં ગ્લોબલ રિસ્કસ આઉટલૂક (global risks outlook) ની મુખ્ય થીમ (defining theme) તરીકે ઓળખવામાં આવી હતી?**

Ans
1. અનસર્ટન્ટી (Uncertainty)
2. ઇનોવેશન (Innovation)
3. સસ્ટેનેબિલિટી (Sustainability)
4. ગ્લોબલાઇઝેશન (Globalization)

**Q.32** **નીચેનામાંથી કયું વિધાન સૌથી સારી રીતે સમજાવે છે કે સાક્ષરતાને દેશના સામાજિક-આર્થિક વિકાસનું એક મહત્વનું સૂચક શા માટે ગણવામાં આવે છે?**

Ans
1. તે મુખ્યત્વે રોજગારના સ્તરો અને નોકરીની તકો સૂચવે છે.
2. તે વસ્તીનું કદ, વિતરણ અને વસાહતની પેટર્ન્સ દર્શાવે છે.
3. તે જીવનધોરણ, મહિલાઓનો દરજ્જો અને સામાજિક પ્રગતિ દર્શાવે છે.
4. તે મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓની ઉપલબ્ધતાનું પ્રતિબિંબ પાડે છે.

**Q.33** **નીચેનામાંથી ભારતમાં કોઈ એક ગામમાં તમામ નોંધાયેલા મતદારોનો સમાવેશ કરતી સંસ્થા કઈ છે?**

Ans
1. પંચાયત સમિતિ
2. ગ્રામ સભા
3. ગ્રામ પંચાયત
4. જિલ્લા પરિષદ

**Q.34** **વધુ ઉપજ આપતી જાતોના બિયારણો (High Yielding Variety (HYV) seeds) માંથી સારા પરિણામો મેળવવા માટે કઈ કૃષિ જરૂરિયાત અનિવાર્ય છે?**

Ans
✗ 1. માત્ર મિશ્ર પાક પદ્ધતિ (Mixed cropping only)
✗ 2. માત્ર કુદરતી વરસાદ (Natural rainfall alone)
✗ 3. માત્ર હાથથી લણણી (Manual harvesting only)
✓ 4. પૂરતી સિંચાઈ અને રાસાયણિક ખાતરો (Adequate irrigation and fertilisers)

**Q.35** **નીચેનામાંથી કયું પ્રાદેશિક વેપાર જૂથો (regional trade blocs) શા માટે રચવામાં આવે છે તેની શ્રેષ્ઠ સમજૂતી આપે છે?**

Ans
✓ 1. સભ્ય અર્થતંત્રો વચ્ચે વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે
✗ 2. તમામ આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠનોનું સ્થાન લેવા માટે
✗ 3. વિકાસશીલ દેશોમાંથી નિકાસ નાબૂદ કરવા માટે
✗ 4. સભ્ય દેશો વચ્ચે ટેરિફ વધારવા માટે

**Q.36** **2026માં 52મું G7 શિખર સંમેલન ક્યાં યોજાયું હતું?**

Ans
✓ 1. એવિયન-લેસ-બેન્સ (Évian-les-Bains), ફ્રાન્સ
✗ 2.
રોમ, ઇટાલી
✗ 3.
મેડ્રિડ (Madrid), સ્પેન
✗ 4.
બર્લિન, જર્મની

**Q.37** **નીચેનામાંથી કયું વિધાન ભારતીય નાટ્યકલાની 'કુત્ત' (Kuttu) પરંપરાનું યોગ્ય વર્ણન કરે છે?**

Ans
✗ 1. કુત્ત એ શાસ્ત્રીય નાટ્યરૂપ છે જે માત્ર લેખિત ગ્રંથોમાં જ અસ્તિત્વ ધરાવે છે.
✓ 2. તમિલ સાહિત્યમાં 'કુત્ત'નો અર્થ "નાટક" કે "મનોરંજન" થાય છે, જે આજે પણ લોકનાટ્યના વિવિધ સ્વરૂપોમાં જીવંત છે.
✗ 3. કુત્ત એ કઠપૂતળી નાટકનું એક સ્વરૂપ છે જે માત્ર મંદિરના ધાર્મિક ઉત્સવો દરમિયાન જ ભજવાય છે.
✗ 4. કુત્ત એ વસાહતી શાસનકાળ દરમિયાન વિકસેલું એક આધુનિક શહેરી નાટ્યરૂપ છે.

**Q.38** **પ્રારંભિક વૈદિક અર્થવ્યવસ્થામાં વિનિમયનું સૌથી પ્રચલિત માધ્યમ કયું હતું?**

Ans
✗ 1. તાંબુ (Copper)
✗ 2. સોનું (Gold)
✗ 3. ચાંદી (Silver)
✓ 4. ગાયો (Cows)

**Q.39** **અત્તર છાંટ્યા પછી તેની સુગંધ ધીમે-ધીમે આખા રૂમમાં કેમ ફેલાઈ જાય છે?**

Ans
✗ 1. અત્તરને છાંટ્યા પછી તેના કણો ભારે થઈ જાય છે.
✗ 2. હવાના કણો અત્તરના કણોમાં રૂપાંતરિત થાય છે.
✗ 3. અત્તરને છાંટ્યા પછી હવાની ગતિ અટકી જાય છે.
✓ 4. અત્તરના કણો આસપાસની હવા મારફત પ્રસરે છે.

**Q.40** **નીચેનામાંથી કયો વિકલ્પ પૃથ્વીના વાતાવરણનું શ્રેષ્ઠ વર્ણન કરે છે?**

Ans
✓ 1. પૃથ્વીની આસપાસ હવાનું પાતળું આવરણ
✗ 2.
પૃથ્વીની આસપાસ પાણીનું એક આવરણ
✗ 3.
પૃથ્વીની નીચે આવેલું ખડકોનું નક્કર સ્તર
✗ 4.
પૃથ્વીની અંદર આવેલું પીગળેલા લાવાનું સ્તર

**Q.41** 1991 ના આર્થિક સુધારાઓ પહેલાં, ભારતમાં ઉદ્યોગોની સ્થાપના અને વિસ્તરણમાં બિનજરૂરી વિલંબ તેમજ અમલદારશાહીની નડતરો ઊભી કરવા માટે નીચેનામાંથી કઈ પ્રણાલીની વ્યાપક ટીકા થઈ હતી?

**Ans**
✔ 1. પરમિટ લાઇસન્સ રાજ
✘ 2. પંચાયતી રાજ
✘ 3. સહકારી ખેતી
✘ 4. હરિયાળી ક્રાંતિ

**Q.42** માર્ચ 2026માં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી ICC મેન્સ T20 વર્લ્ડ કપની ફાઇનલ મેચમાં ભારતે કયા દેશને હરાવીને પોતાનું ટાઇટલ સફળતાપૂર્વક જાળવી રાખ્યું હતું?

**Ans**
✘ 1. દક્ષિણ આફ્રિકા
✘ 2. ઑસ્ટ્રેલિયા
✘ 3. ઇંગ્લેન્ડ
✔ 4. ન્યૂઝીલેન્ડ

**Q.43** નીચેનામાંથી કોને જૈન ધર્મના 24મા અને છેલ્લા તીર્થંકર તરીકે માનવમાં આવે છે?

**Ans**
✘ 1. પાર્શ્વનાથ
✘ 2. ઋષભનાથ
✔ 3. મહાવીર
✘ 4. નેમિનાથ

**Q.44** નીચેનામાંથી કયો સિદ્ધાંત મંત્રીપરિષદના તમામ સભ્યો માટે કેબિનેટ દ્વારા લેવાયેલા નિર્ણયોને સમર્થન આપવાનું અનિવાર્ય બનાવે છે?

**Ans**
✘ 1. કાયદાનું શાસન
✔ 2. સામૂહિક જવાબદારી
✘ 3. સંઘીય સર્વોચ્ચતા
✘ 4. ન્યાયતંત્રની સ્વતંત્રતા

**Q.45** નીચેનામાંથી કયા પ્રકારના ભૂકંપ-મોજાં (earthquake waves) સીધા જ ભૂકંપકેન્દ્ર (focus of an earthquake) પર ઉત્પન્ન થાય છે?

**Ans**
✘ 1. માત્ર રેલે મોજાં (Rayleigh waves)
✔ 2.
માત્ર આંતરિક મોજાં (Body waves)
✘ 3.
માત્ર લવ મોજાં (Love waves)
✘ 4.
માત્ર સપાટીના મોજાં (Surface waves)

**Q.46** માર્ચ 2026 માં કયા પ્રસંગ નિમિત્તે "નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા એવોર્ડ વિતરણ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું?

**Ans**
✘ 1. વિશ્વ વન્યજીવ દિવસ (World Wildlife Day)
✘ 2. રાષ્ટ્રીય સુરક્ષા દિવસ (National Safety Day)
✔ 3. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (International Women's Day)
✘ 4. આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ (International Day of Happiness)

**Q.47** ઈન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 (India AI Impact Summit 2026) દરમિયાન સ્ટ્રેટેજી ફોર AI ઇન હેલ્થકેર ઇન ઈન્ડિયા (SAHI)ની સાથે કયું પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું હતું?

**Ans**
✘ 1. ઇ-સંજીવની એનાલિટિક્સ પોર્ટલ (eSanjeevani Analytics Portal)
✘ 2. આયુષ ગ્રીડ (Ayush Grid)
✘ 3. નેશનલ ડિજિટલ હેલ્થ સ્ટેક (National Digital Health Stack)
✔ 4. બેંચમાર્કિંગ ઓપન ડેટા પ્લેટફોર્મ ફોર હેલ્થ AI (Benchmarking Open Data Platform for Health AI)

**Q.48** ચર્ચિલ ડાઉન્સ (Churchill Downs) ખાતે યોજાયેલ 152મો કેન્ટુકી ડર્બી (Kentucky Derby) નીચેનામાંથી કયા ઘોડાએ જીત્યો હતો, જેનાથી ટ્રેનર ચેરી ડેવોક્સ (Cherie DeVaux) ને એક મહિલા ટ્રેનર તરીકે પ્રથમ ઐતિહાસિક વિજય મળ્યો?

**Ans**
- ✗ 1. મિસ્ટિક ગાઇડ (Mystic Guide)
- ✓ 2. ગોલ્ડન ટેમ્પો (Golden Tempo)
- ✗ 3. જસ્ટિફાય (Justify)
- ✗ 4. ઓથેન્ટિક (Authentic)

**Q.49** દાદાભાઈ નવરોજીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસના કયા અધિવેશનમાં સ્વરાજની માંગ સૌપ્રથમ વધુ સ્પષ્ટ સ્વરૂપમાં જોવા મળી હતી?

**Ans**
- ✓ 1. કલકત્તા (1906)
- ✗ 2. બોમ્બે (1885)
- ✗ 3. સુરત (1907)
- ✗ 4. લાહોર (1929)

**Q.50** નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકોનું અનામત _____ રહેશે.

**Ans**
- ✗ 1. તમામ નગરપાલિકા વિસ્તારોમાં સમાન
- ✓ 2. નગરપાલિકા વિસ્તારમાં તેમની વસ્તીના આધારે
- ✗ 3. ભારતીય સંસદ દ્વારા નક્કી કર્યા મુજબ
- ✗ 4. તમામ નગરપાલિકા બેઠકોના ઓછામાં ઓછા એક-તૃતીયાંશ ભાગ જેટલું

**Q.51** કયું ગુફા-સંકુલ રાજા ખારવેલના શિલાલેખો સાથે સંકળાયેલું છે અને તેને જૈન સાધુઓ માટે વિકસાવવામાં આવ્યું હતું?

**Ans**
- ✗ 1. કર્ણાટકમાં ઐહોલે (Aihole) ગુફા સંકુલ
- ✓ 2. ઓડિશામાં ઉદયગિરી-ખંડગિરી ગુફા સંકુલ
- ✗ 3. કર્ણાટકમાં બાદામી ગુફા સંકુલ
- ✗ 4. આંધ્ર પ્રદેશમાં ગુંતપલ્લી (Guntapalle) ગુફા સંકુલ

**Q.52** ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (Indian National Congress)ની સ્થાપના કયા બ્રિટિશ અધિકારીની સક્રિય પહેલથી કરવામાં આવી હતી?

**Ans**
- ✓ 1. એલન ઓક્ટેવિયન હ્યુમ (Allan Octavian Hume)
- ✗ 2. લોર્ડ રિપન (Lord Ripon)
- ✗ 3. વિલિયમ વેડરબર્ન (William Wedderburn)
- ✗ 4. લોર્ડ કર્ઝન (Lord Curzon)

**Q.53** એક દેશની એક વર્ષ માટેની રાષ્ટ્રીય આવક (National Income)ની ગણતરી કરતી વખતે કયા ક્ષેત્રના કુલ ઉત્પાદન (production)નો સમાવેશ કરવામાં આવે છે?

**Ans**
- ✗ 1. માત્ર ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર
- ✗ 2. માત્ર કૃષિ અને સેવા ક્ષેત્ર
- ✗ 3. માત્ર કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્ર
- ✓ 4. કૃષિ, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર

**Q.54** **બંગાળના વાંસના ઝૂંપડાની વક્ર છત પરથી ઉદ્ભવેલી કઈ સ્થાપત્ય શૈલીએ પાછળથી ઉત્તર ભારતમાં મંદિર અને મુઘલ સ્થાપત્ય બંનેને પ્રભાવિત કર્યા હતા?**

**Ans**
- ✗ 1. નાગર શિખર (Nagara shikhara)
- ✗ 2. દ્રવિડ વિમાન (Dravida vimana)
- ✓ 3. બાંગ્લા છત (Bangla roof)
- ✗ 4. વેસર શિખર (Vesara tower)

**Q.55** **જ્યારે બે મિત્રો એક બંધ પડેલી કાર (stalled car)ને પાછળથી એક જ દિશામાં સાથે મળીને ધક્કો મારે છે, ત્યારે કાર પર લાગતું ચોખ્ખું બળ (net force) કેવી રીતે નક્કી થાય છે?**

**Ans**
- ✓ 1. ચોખ્ખું બળ એ બંને દ્વારા ધક્કા વડે લગાડેલા બળોના મૂલ્યો (magnitudes)નો સરવાળો હોય છે.
- ✗ 2. ચોખ્ખું બળ હંમેશા બંનેમાંથી જે બળ મોટું હોય તેના બરાબર હોય છે.
- ✗ 3. ચોખ્ખું બળ (net force) એ શૂન્ય હોય છે કારણ કે બંને સાથે મળીને ધક્કો મારે છે.
- ✗ 4. ચોખ્ખું બળ એ બંને દ્વારા ધક્કા વડે લગાડેલા બળો વચ્ચેનો તફાવત હોય છે.

**Q.56** **જાન્યુઆરી 2026 માં, કોન્ફેડરેશન ઓફ રીઅલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન્સ ઓફ ઈન્ડિયા અને ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ હાઉસિંગ એન્ડ એસ્ટેટ ડેવલપર્સ દ્વારા સંયુક્તપણે 20મા 'પ્રોપર્ટી શો-ઓલિમ્પિયાડ (Property Show-Olympiad)' નું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું?**

**Ans**
- ✓ 1. અમદાવાદ
- ✗ 2. સુરત
- ✗ 3. ગાંધીનગર
- ✗ 4. ભાવનગર

**Q.57** **મે 2026 માં, 57મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (IFFI) માટે ફેસ્ટિવલ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી?**

**Ans**
- ✗ 1. શેખર કપૂર
- ✓ 2. આશુતોષ ગોવારીકર
- ✗ 3. રાજકુમાર હિરાણી
- ✗ 4. સંજય લીલા ભણસાલી

**Q.58** **ઇન્ફર્મેશન ટેક્નોલોજી (ઇન્ટરમીડિયરી ગાઇડલાઇન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) અમેન્ડમેન્ટ રૂલ્સ, 2026 હેઠળ ડિજિટલ મધ્યસ્થીઓ માટે નીચેનામાંથી કઈ જોગવાઈઓ દાખલ કરવામાં આવી હતી?**

**Ans**
- ✗ 1. યુનિવર્સલ એન્ક્રિપ્શન આવશ્યકતાઓ અને કન્ટેન્ટની ફરજિયાત નોંધણી
- ✗ 2. વિજ્ઞાપન (એડવર્ટાઇઝમેન્ટ)ની ફરજિયાત ચકાસણી અને પ્લેટફોર્મનું ફરજિયાત લાઇસન્સિંગ
- ✗ 3. ડેટાના સ્થાનિકીકરણના કડક નિયમો અને અલ્ગોરિધમિક સિસ્ટમ્સનું ફરજિયાત ઑડિટ
- ✓ 4. કન્ટેન્ટને ઝડપથી હટાવી લેવું અને સિન્થેટિક કન્ટેન્ટનું ફરજિયાત લેબલિંગ

**Q.59** **જૂન 2026માં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા નીચેનામાંથી કઈ સ્વદેશી ક્રૂઝ મિસાઇલનું સફળતાપૂર્વક ઉડ્ડયન પરીક્ષણ કરવામાં આવ્યું હતું?**

**Ans**
- ✗ 1. BrahMos સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ (BMSCM)
- ✗ 2.
નિર્ભય સબસોનિક ક્રૂઝ મિસાઇલ (NSCM)
- ✓ 3. લોંગ રેન્જ લેન્ડ એટેક ક્રૂઝ મિસાઇલ (LRLACM)
- ✗ 4. શોર્ટ રેન્જ લેન્ડ એટેક ક્રૂઝ મિસાઇલ (SRLACM)

**Q.60** **લોખંડની વસ્તુઓને કાટ લાગતી અટકાવવા માટે ઘણીવાર તેના પર જસત (ઝિંક) નું પડ ચડાવવામાં આવે છે. આ રક્ષણાત્મક પ્રક્રિયાને શું કહેવાય છે?**

**Ans**
- ✗ 1. એનોડાઇઝેશન (Anodization)
- ✗ 2. એલોઇંગ (Alloying)
- ✓ 3. ગેલ્વેનાઇઝેશન (Galvanization)
- ✗ 4. ભૂંજન (Roasting)

Section : **Quantitative Aptitude**

Q.61 એક ઓનલાઈન વેપારી ₹15,000 માં 10 સ્માર્ટ હોમ ડિવાઇસ ખરીદે છે અને તેમાંથી 4 ડિવાઇસ 20% નફાથી, 3 ડિવાઇસ 10% ખોટથી, અને બાકીના 3 ડિવાઇસ પડતર કિંમતે વેચે છે, તો વેપારીને એકંદરે કેટલો નફો કે ખોટ (₹ માં) થશે?

Ans
✗ 1. 900 ની ખોટ
✗ 2. 300 ની ખોટ
✗ 3. 600 નો નફો
✓ 4. 750 નો નફો

Q.62 એક વર્ગમાં છોકરાઓ અને છોકરીઓની સંખ્યાનો ગુણોત્તર 7:3 છે. જો વર્ગમાં છોકરીઓ કરતાં છોકરાઓની સંખ્યા 20 વધારે હોય, તો વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ હશે?

Ans
✗ 1. 60
✗ 2. 40
✗ 3. 45
✓ 4. 50

Q.63 અમન 1.5 કલાકમાં 15 km ડ્રાઇવ કરે છે અને પછી 1 કલાકમાં 5 km સાયકલ ચલાવે છે. સમગ્ર સફરમાં તેની સરેરાશ ઝડપ કેટલી થશે?

Ans
✗ 1. 6 km/h
✗ 2. 5 km/h
✓ 3. 8 km/h
✗ 4. 4 km/h

Q.64 એક શર્ટની મૂળ કિંમત ₹200 છે. જો તેની કિંમતમાં 10 ટકાનો વધારો થાય, તો શર્ટની નવી કિંમત કેટલી હશે?

Ans
✗ 1. ₹210
✗ 2. ₹230
✓ 3. ₹220
✗ 4. ₹240

Q.65 જો 12 મીટર કાપડની કિંમત ₹1800 હોય, તો તે જ કાપડના 20 મીટરની કિંમત કેટલી થાય?

Ans
✓ 1. ₹3000
✗ 2. ₹3600
✗ 3. ₹2800
✗ 4. ₹2500

Q.66 જો બે ક્રમિક ધન પૂર્ણાંકોનો ગુણાકાર 72 હોય, તો તેમાંના મોટા પૂર્ણાંકનું મૂલ્ય શોધો.

Ans
✓ 1. 9
✗ 2. 6
✗ 3. 10
✗ 4. 12

Q.67 એક હોડીની સ્થિર પાણીમાં ઝડપ 9 km/h છે. તેને પ્રવાહની દિશામાં કોઈ અંતર કાપતાં 2 કલાક લાગે છે અને તેટલું જ અંતર પ્રવાહની વિરુદ્ધ દિશામાં કાપતાં 3 કલાક લાગે છે. તો પ્રવાહની ઝડપનું મૂલ્ય શોધો.

Ans
✗ 1. 1.5 km/h
✓ 2. 1.8 km/h
✗ 3. 3 km/h
✗ 4. 2 km/h

**Q.68** મીરાએ ₹2,000 ની રકમ વાર્ષિક 9% ના સાદા વ્યાજ દરે 5 વર્ષ માટે પોસ્ટ ઓફિસની એક યોજનામાં રોકી. મુદતના અંતે તેની કુલ વ્યાજમુદ્દલ (total amount) કેટલી થશે?

**Ans**
- ✗ 1. ₹1,000
- ✓ 2. ₹2,900
- ✗ 3. ₹2,800
- ✗ 4. ₹900

**Q.69** શાળાની એક ચૂંટણી દરમિયાન, કુલ 8,000 મત પડ્યા હતા. તેમાંથી, 4% મતને અમાન્ય જાહેર કરવામાં આવ્યા હતા. બાકીના માન્ય મત 5 : 3 : 2 ના ગુણોત્તરમાં ઉમેદવારો A, B, અને C વચ્ચે વહેંચવામાં આવ્યા હતા. તો ઉમેદવાર B દ્વારા કેટલા માન્ય મત મેળવવામાં આવ્યા હતા?

**Ans**
- ✗ 1. 2301
- ✗ 2. 2302
- ✓ 3. 2304
- ✗ 4. 2303

**Q.70** જો $\tan^2 S$ નું મૂલ્ય 5/13 હોય, તો $\sec^2 S$ નું મૂલ્ય શોધો.

**Ans**
- ✓ 1. $\frac{18}{13}$
- ✗ 2. $\frac{15}{13}$
- ✗ 3. $\frac{8}{13}$
- ✗ 4. $\frac{6}{13}$

**Q.71** એક શિક્ષક સંખ્યાઓના એક સમૂહના મધ્યસ્થની ગણતરી 32 તરીકે કરે છે અને બહુલકની ગણતરી 36 તરીકે કરે છે. પ્રયોગમૂલક સંબંધનો ઉપયોગ કરીને આ માહિતીનો મધ્યક શું થાય?

**Ans**
- ✗ 1. 36
- ✗ 2. 34
- ✓ 3. 30
- ✗ 4. 32

**Q.72** 7 × 2 + 5 ÷ 5 નું પરિણામ શોધો.

**Ans**
- ✓ 1. 15
- ✗ 2. 13
- ✗ 3. 11
- ✗ 4. 17

**Q.73** ₹15,000 પર 2 વર્ષમાં વાર્ષિક 7%ના દરે મળતા સાદા વ્યાજ અને વાર્ષિક ચક્રવૃદ્ધિથી મળતા ચક્રવૃદ્ધિ વ્યાજ વચ્ચે શું તફાવત છે?

**Ans**
- ✗ 1. ₹49.00
- ✗ 2. ₹62.25
- ✗ 3. ₹70.00
- ✓ 4. ₹73.50

**Q.74** પ્રિયા એક બેંકમાં ₹4,000 વાર્ષિક 12% વ્યાજના દરે 2 વર્ષ માટે જમા કરાવે છે. 2 વર્ષ પછી મળતા ચક્રવૃદ્ધિ વ્યાજ (વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતાં) અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત શોધો.

**Ans**
- ✗ 1. ₹56.40
- ✗ 2. ₹59.60
- ✓ 3. ₹57.60
- ✗ 4. ₹58.30

**Q.75** બે પાઇપો A અને B, અનુક્રમે 30 કલાક અને 40 કલાકમાં એક ટાંકીને ભરી શકે છે. બંને પાઇપો એકસાથે ખોલવામાં આવે છે, અને 12 કલાક પછી, પાઇપ A બંધ કરવામાં આવે છે. બાકીની ટાંકી ભરવા માટે એકલી પાઇપ Bને લાગતો સમય શોધો.

**Ans**

✗ 1. 10 કલાક

✓ 2. 12 કલાક

✗ 3. 18 કલાક

✗ 4. 14 કલાક

**Q.76** એક નળાકાર પાઇપ, જેનો આંતરિક વ્યાસ 56 mm છે, તેમાંથી 3 m/s ની ઝડપે પાણી વહે છે. આ પાણીને 4.2 m પાયાની ત્રિજ્યા ધરાવતી એક નળાકાર ટાંકીમાં એકત્રિત કરવામાં આવે છે. ખાલી ટાંકીને 3 m ની ઊંચાઈ સુધી ભરવા માટે કેટલો સમય (કલાકમાં) લાગશે?

**Ans**

✗ 1. 5.75

✗ 2. 5.25

✗ 3. 6.75

✓ 4. 6.25

**Q.77** એકલ (સિંગલ) ઈનલેટ પાઈપ દ્વારા એક ટાંકીને 10 કલાકમાં ભરી શકાય છે. ટાંકીના તળિયામાં એક નાનું છિદ્ર (leak) હોવાને લીધે, ટાંકી ભરવામાં 2 કલાક વધુ લાગે છે. તો આખી ભરેલી ટાંકીને ખાલી કરવામાં એકલા છિદ્ર (leak) ને કેટલો સમય લાગશે?

**Ans**

✗ 1. 50 કલાક

✗ 2. 55 કલાક

✗ 3.
45 કલાક

✓ 4.
60 કલાક

**Q.78** ડિજિટલ માર્કેટપ્લેસ પર એક વિક્રેતા ₹5,000માં પર્યાવરણને અનુકૂળ ઉપકરણોનું એક બંડલ ખરીદે છે. જો વિક્રેતા આ વ્યવહાર પર 12% નફો કમાય છે, તો બંડલની વેચાણ કિંમત (₹માં) કેટલી છે?

**Ans**

✗ 1. 6,000

✗ 2. 5,400

✓ 3. 5,600

✗ 4. 5,800

**Q.79** એક ફળવિક્રેતા 12 નારંગી ₹120માં ખરીદે છે અને 10 નારંગી ₹120માં વેચે છે. તો તેના નફાની ટકાવારી કેટલી થશે?

**Ans**

✗ 1. 12%

✓ 2. 20%

✗ 3. 25%

✗ 4. 10%

**Q.80** એક ત્રિકોણની બાજુઓ 9 cm, 12 cm અને 15 cm છે, તો 15 cm લંબાઈની બાજુને અનુરૂપ બાજુની ઊંચાઈ કેટલી થાય?

**Ans**

✗ 1. 8.2 cm

✗ 2. 6.2 cm

✓ 3. 7.2 cm

✗ 4. 9.2 cm

**Q.81** 3 cm ત્રિજ્યાવાળા અર્ધગોલકનું ઘનફળ (volume) શોધો. ($\pi$ = 22/7 નો ઉપયોગ કરો.) (નજીકના પૂર્ણાંક સુધી આવરીને જવાબ આપો.)

**Ans**

✓ 1. 57 $cm^3$

✗ 2. 66 $cm^3$

✗ 3. 38 $cm^3$

✗ 4. 113 $cm^3$

**Q.82** બે પાઈપ A અને B એક ટાંકીને અનુક્રમે 8 કલાક અને 12 કલાકમાં ભરી શકે છે. એક ત્રીજી પાઈપ C આ ટાંકીને 6 કલાકમાં ખાલી કરી શકે છે. જો ત્રણેય પાઈપ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીને ભરાતા કેટલો સમય લાગશે?

**Ans**

✔ 1. 24 કલાક

✘ 2. 26 કલાક

✘ 3. 20 કલાક

✘ 4. 22 કલાક

**Q.83** સંખ્યાઓના સમૂહ (set) નો સમાંતર મધ્યક 30 છે. જો સંખ્યાઓ 40, 25, 35 અને x હોય, તો x નું મૂલ્ય કેટલું થાય?

**Ans**

✘ 1. 30

✔ 2. 20

✘ 3. 25

✘ 4. 15

**Q.84** જો 90 cm, 150 cm, અને 210 cm લંબાઈના ત્રણ દોરડાને કોઈ પણ ભાગ બાકી રાખ્યા વગર શક્ય તેટલી મહત્તમ લંબાઈના એકસરખા ટુકડાઓમાં કાપવાના હોય, તો દરેક ટુકડાની લંબાઈ કેટલી હશે?

**Ans**

✘ 1. 20 cm

✘ 2. 15 cm

✔ 3. 30 cm

✘ 4. 10 cm

**Q.85** જો એક હોડી 2 કલાકમાં પ્રવાહની વિરુદ્ધ દિશામાં 10 km ની મુસાફરી કરે છે અને પ્રવાહની ઝડપ 2 km પ્રતિ કલાક છે, તો સ્થિર પાણીમાં હોડીની ઝડપ કેટલી છે?

**Ans**

✔ 1. 7 km પ્રતિ કલાક

✘ 2. 6 km પ્રતિ કલાક

✘ 3. 5 km પ્રતિ કલાક

✘ 4. 8 km પ્રતિ કલાક

**Q.86** સમતલ જમીન પર ઊભેલા એક વૃક્ષની ઊંચાઈ 20 m છે. જો સૂર્યના ઉત્સેધકોણનું માપ 30° હોય, તો તે વૃક્ષના પડછાયાની લંબાઈ કેટલી હશે? ($\sqrt{3} = 1.732$ આપેલ છે)

**Ans**

✘ 1. 24.36 m

✔ 2. 34.64 m

✘ 3. 20.15 m

✘ 4. 11.55 m

**Q.87** નીચેનામાંથી કયું સમીકરણ દ્વિઘાત સમીકરણ નથી?

**Ans**

✘ 1. $x^2 - 4x + 4 = 0$

✔ 2. $(x^2 + 1)(x - 2) = 0$

✘ 3. $x^2 - 9 = 0$

✘ 4. $2x^2 + 5x - 1 = 0$

**Q.88** k ના કયા મૂલ્ય માટે સમીકરણ યુગ્મ (pair of equations) 3x + 2y = 7 અને 6x + 4y = k ને અનંત ઉકેલો હોય?

**Ans**

✘ 1. 12

✔ 2. 14

✘ 3. 10

✘ 4. 7

**Q.89** જો સંખ્યાઓ 12, 28, 21 અને x પ્રમાણમાં હોય, તો પદાવલિ x + 11 નું મૂલ્ય શું થશે?

**Ans**
- ✗ 1. 39
- ✗ 2. 77
- ✓ 3. 60
- ✗ 4. 28

**Q.90** બિંદુઓ (2, 7) અને (10, 3) ને જોડતા રેખાખંડનું 2 : 1 ના ગુણોત્તરમાં બાહ્ય રીતે વિભાજિત કરતાં બિંદુના યામ શોધો.

**Ans**
- ✓ 1. (18, −1)
- ✗ 2. (14, 1)
- ✗ 3. (6, −5)
- ✗ 4. (0, 7)

Section : **Reasoning**

**Q.91** એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

**પ્રશ્ન:** પાંચ લાકડીઓ J, G, M, C અને B પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે, તો તેમાંથી સૌથી ટૂંકી લાકડી કઈ છે?

**વિધાનો:**
(I) C એ B કરતાં ટૂંકી છે પરંતુ G કરતાં લાંબી છે. J એ G કરતાં લાંબી છે.
(II) M એ માત્ર એક જ લાકડી કરતાં લાંબી છે.

**Ans**
- ✗ 1. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 3. વિધાન (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.92** D, E, F, X, Y અને Z એક જ ઇમારતના છ અલગ-અલગ માળ પર રહે છે. ઇમારતમાં સૌથી નીચેના માળને 1 ક્રમ આપવામાં આવ્યો છે, તેની ઉપરના માળને 2 ક્રમ અને તે જ રીતે સૌથી ઉપરના માળને 6 ક્રમ આપવામાં આવ્યો છે. X અને D વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓ રહે છે, જ્યાં X એ D ની નીચેના માળ પર રહે છે. Y એ એક એકી સંખ્યા ધરાવતા માળ પર અને X ની તરત જ ઉપરના માળ પર રહે છે. E એ Z ની નીચેના કોઈ એક માળ પર અને F ની ઉપરના કોઈ એક માળ પર રહે છે.
માળ નંબર 5 પર કોણ રહે છે?

**Ans**
- ✗ 1. D
- ✗ 2. X
- ✓ 3. Z
- ✗ 4. F

**Q.93** 'VIOLETS' શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં ડાબી બાજુથી ચોથા અને જમણી બાજુથી બીજા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

**Ans**
- ✗ 1. 3
- ✗ 2. 6
- ✗ 3. 5
- ✓ 4. 4

**Q.94** એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. પ્રમાણભૂત કેલેન્ડરના નિયમોનો ઉપયોગ કરીને નક્કી કરો કે વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે નહીં.

વર્ષ X ની 1 જાન્યુઆરીના રોજ શનિવાર છે. અઠવાડિયાના કયા દિવસે 1 જૂન આવશે?

વિધાન I: જાન્યુઆરીથી મે સુધીના કુલ દિવસ 151 છે.
વિધાન II: વર્ષ Xના મે મહિનામાં 31 દિવસ છે.

**Ans**

✗ 1. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

✗ 3. બંને વિધાનો I અને II એકસાથે (એકલું વિધાન I કે એકલું વિધાન II નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

✗ 4.
વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q.95** એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. નીચે આપેલા વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે નહીં તે નક્કી કરો.

છ લોકો, H, J, K, L, M અને N, પૈકી દરેકની ઊંચાઈ જુદી-જુદી છે. સૌથી નીચો કોણ છે?

વિધાન I: H એ J અને K કરતાં નીચો છે.
વિધાન II: L એ H કરતાં ઊંચો છે પણ M કરતાં નીચો છે; N એ M કરતાં ઊંચો છે; J અને K એ L કરતાં ઊંચા છે.

**Ans**

✗ 1. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✗ 2.
વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✓ 3.
વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ 4.
વિધાન I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.96** આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?
5 14 39 88 169 ?

**Ans**

✗ 1. 312

✗ 2. 313

✗ 3. 294

✓ 4. 290

**Q.97** ત્રિધા બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 17km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 19km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ ડાબો વળાંક લે છે અને 12km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 8km ડ્રાઈવ કરે છે. તે અંતિમ જમણો વળાંક લે છે, 5km ડ્રાઈવ કરે છે અને બિંદુ B પર રોકાય છે. બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલા દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)

**Ans**

✗ 1. 12km ઉત્તર

✗ 2. 10km પૂર્વ

✓ 3. 11km પૂર્વ

✗ 4. 13km દક્ષિણ

Q.98 નીચે સંખ્યાઓના બે સેટ આપવામાં આવ્યા છે. સંખ્યાના દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાઓ (ઓપરેશન્સ) ના પરિણામસ્વરૂપે બીજી સંખ્યા પ્રાપ્ત થાય છે. એ જ રીતે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાઓના પરિણામસ્વરૂપે ત્રીજી સંખ્યા પ્રાપ્ત થાય છે અને એવી જ રીતે આગળ પણ થાય છે. તો આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા સેટની ક્રિયાઓના સમાન સેટને અનુસરે છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ (Whole Numbers) પર ક્રિયાઓ કરવી જોઈએ. દા.ત. 13 લો - 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/બાદબાકી/ગુણાકાર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને પછી 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી.)

5 - 10 - 15 - 30 ; 4 - 9 - 14 - 28

Ans
- ✗ 1. 5 - 9 - 15 - 23
- ✗ 2. 4 - 8 - 14 - 22
- ✗ 3. 3 - 7 - 13 - 21
- ✓ 4. 7 - 12 - 17 - 34

Q.99 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ જ કરવાની છે.
(ડાબી બાજુ) U W Z P I G S T T H J O M C C Z O Y K D B (જમણી બાજુ)
એવા કેટલા વ્યંજન છે જે દરેકની તરત પહેલાં એક સ્વર આવે છે અને તરત પછી પણ એક સ્વર આવે છે?

Ans
- ✓ 1. એક પણ નહીં
- ✗ 2. એક
- ✗ 3. બે
- ✗ 4. ત્રણ

Q.100 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

CAR21 ECT19 GEV17 IGX15 ?

Ans
- ✗ 1. KLZ13
- ✗ 2. MIZ13
- ✓ 3. KIZ13
- ✗ 4. KIY13

Q.101 મિ. ઇવાન બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને દક્ષિણ દિશા તરફ 26 km ડ્રાઈવ કરે છે. ત્યારબાદ તે ડાબી બાજુ વળાંક લે છે અને 19 km ડ્રાઈવ કરે છે. તેના પછી તે ડાબી બાજુ વળાંક લે છે અને 33 km ડ્રાઈવ કરે છે. પછી તે હજુ એક વાર ડાબી બાજુ વળાંક લે છે અને 26 km ડ્રાઈવ કરે છે. તેના પછી, તે છેલ્લી વાર ડાબી બાજુ વળાંક લે છે અને 7 km ડ્રાઈવ કરીને બિંદુ P પર થોભે છે. તો બિંદુ A સુધી ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશા તરફ ડ્રાઈવ કરવું જોઈએ? (તમામ વળાંક માત્ર 90-ડિગ્રીના વળાંક છે, સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
- ✗ 1. 26 km પશ્ચિમ દિશા તરફ
- ✓ 2. 7 km પૂર્વ દિશા તરફ
- ✗ 3. 23 km ઉત્તર દિશા તરફ
- ✗ 4. 19 km પૂર્વ દિશા તરફ

Q.102 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીકની શ્રેણીનો સંદર્ભ લઈને પ્રશ્નનો જવાબ આપો. (બધી સંખ્યાઓ માત્ર એક-અંકની સંખ્યાઓ છે)
(ડાબી બાજુ) E 2 € R 1 6 E € & B Z 7 7 F € Y 2 * T $ % 2 (જમણી બાજુ)
જો બધી સંખ્યાઓને શ્રેણીમાંથી કાઢી નાંખવામાં આવે, તો ડાબી બાજુથી છઠ્ઠા ક્રમે નીચેનામાંથી કયું હશે?

Ans
- ✗ 1. E
- ✓ 2. &
- ✗ 3. €
- ✗ 4. R

Q.103 અમુક ચોક્કસ તર્કને અનુસરીને, 122 એ 489 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 145 એ 581 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને 108 એ આપેલા કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
- ✗ 1. 438
- ✗ 2. 455
- ✗ 3. 430
- ✓ 4. 433

Q.104 નીચે આપેલા નામ અને સરનામાની તમામ વિગતો કયા વિકલ્પમાં સંપૂર્ણપણે સાચી રીતે દર્શાવેલી છે?

Mrs. Priya T. Bhatia
House No. F-53, Rose Garden Enclave,
Mall Road, Lucknow – 226001

Ans
- ✗ 1. Mrs. Priya T. Bhatia, House No. F-35, Rose Garden Enclave, Mall Road, Lucknow – 226001
- ✗ 2. Mrs. Priya T. Bhatia, House No. F-53, Rose Garden Estate, Mall Road, Lucknow – 226001
- ✓ 3. Mrs. Priya T. Bhatia, House No. F-53, Rose Garden Enclave, Mall Road, Lucknow – 226001
- ✗ 4. Mrs. Priya T. Bhatia, House No. F-53, Rose Garden Enclave, Mall Road, Lucknow – 226010

Q.105 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 507 211 702 427 714 (જમણી બાજુ)
(ઉદાહરણ- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાના પ્રથમ અંકને સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

Ans
- ✗ 1. 11
- ✗ 2. 7
- ✗ 3. 9
- ✓ 4. 8

Q.106 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

(ડાબી બાજુ) DON LID NAP HAT (જમણી બાજુ)

જમણી બાજુથી બીજા શબ્દના બીજા અક્ષર અને ડાબી બાજુથી બીજા શબ્દના ત્રીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✗ 1. 5
- ✓ 2. 2
- ✗ 3. 3
- ✗ 4. 1

Q.107 નીચેના શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. સમય
2. એપ્રિલ
3. મહિનો

Ans
- ✓ 1. 1,3,2
- ✗ 2. 3,2,1
- ✗ 3. 1,2,3
- ✗ 4. 2,1,3

Q.108 પાંચ વ્યક્તિઓ C, D, F, I અને T દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. D એ F કરતાં ઊંચો છે પરંતુ T કરતાં નીચો છે. T એ I કરતાં ઊંચો છે પરંતુ C કરતાં નીચો છે. I એ F કરતાં ઊંચો છે પરંતુ D કરતાં નીચો છે. માત્ર _______ વ્યક્તિ/વ્યક્તિઓ C કરતાં નીચી છે.

Ans
✔ 1. ચાર
✘ 2. ત્રણ
✘ 3. એક
✘ 4. બે

Q.109 સંખ્યા 5721468 માં આવેલા દરેક અંકને ડાબેથી જમણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. તો મૂળ સંખ્યાની સરખામણીમાં કેટલા અંકોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

Ans
✘ 1. ત્રણ
✘ 2. એકપણ નહીં
✘ 3. બે
✔ 4. એક

Q.110 એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો. નીચે આપેલા વિધાન પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે કેમ તેનો નિર્ણય કરો.

છ લોકો, M, N, O, P, Q અને R, જુદીજુદી ઊંચાઈ ધરાવે છે. સૌથી ઊંચું કોણ છે?

વિધાન I: M એ N અને O કરતાં ઊંચો છે.
વિધાન II: P એ Q કરતાં ઊંચો છે પરંતુ M કરતાં નીચો છે; R એ N કરતાં નીચો છે; O એ Q કરતાં ઊંચો છે.

Ans
✘ 1. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 2. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 3. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✔ 4. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

Q.111 આઠ લોકો P, Q, R, S, T, U, V અને W એક વર્તુળાકાર મેજની ફરતે કેન્દ્ર તરફ મુખ કરીને બેઠા છે. V એ S અને W બંનેની તરત જ બાજુમાં બેસે છે અને V એ Q ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. R એ S ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. Q એ T ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. P એ R ની તરત જ બાજુમાં બેસતો નથી. તો U ની ડાબી બાજુએ બીજા સ્થાને કોણ બેસે છે?

Ans
✔ 1. Q
✘ 2. P
✘ 3. R
✘ 4. S

Q.112 જો 14 ફેબ્રુઆરી 2002 ના રોજ ગુરુવાર હોય, તો 8 એપ્રિલ 2005 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
✘ 1. શનિવાર
✘ 2. સોમવાર
✔ 3. શુક્રવાર
✘ 4. મંગળવાર

Q.113 નીચે આપેલા શબ્દોની તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવણી દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. ટેન્કર
2. કપ
3. ડ્રમ
4. ચમચી
5. જગ

Ans
✘ 1. 3, 5, 2, 4, 1
✘ 2. 5, 3, 4, 2, 1
✔ 3. 4, 2, 5, 3, 1
✘ 4. 4, 2, 3, 5, 1

**Q.114** **જો 12મી જાન્યુઆરી 1987 ના રોજ સોમવાર હોય, તો 12મી માર્ચ 1987 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે.**

**Ans**
- ✗ 1. બુધવાર
- ✓ 2. ગુરુવાર
- ✗ 3. સોમવાર
- ✗ 4. શુક્રવાર

**Q.115** **આપેલી ખાલી જગ્યા ભરો.**
**B એ C નો/ની ____ છે. C એ Qની બહેન છે. Q એ Mનો પુત્ર છે. M એ Bની પત્ની છે.**

**Ans**
- ✗ 1. ભાઈ
- ✗ 2. પુત્ર
- ✗ 3. બહેન
- ✓ 4. પિતા

**Q.116** **નીચે આપેલી બે જોડી જે તાર્કિક પેટર્નને અનુસરે છે, તે જ પેટર્નને અનુસરતી જોડી વિકલ્પોમાંથી પસંદ કરો. બંને જોડી સમાન પેટર્નને અનુસરે છે.**

**KLP : NOS**
**DGI : GJL**

**Ans**
- ✗ 1. WEO : ZGP
- ✗ 2. TUV : WRY
- ✓ 3. SML : VPO
- ✗ 4. ADT : DFQ

**Q.117** **એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. કેલેન્ડરના પ્રમાણભૂત નિયમોનો ઉપયોગ કરીને નક્કી કરો કે વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે નહીં.**

**વર્ષ X ની 1 જાન્યુઆરીના રોજ રવિવાર છે. અઠવાડિયાના કયા દિવસે 1 જુલાઈ આવશે?**
**વિધાન I: જાન્યુઆરીથી જૂન સુધી કુલ દિવસોની સંખ્યા 181 છે.**
**વિધાન II: વર્ષ X ના જૂનમાં 30 દિવસ છે.**

**Ans**
- ✗ 1. વિધાન I અને II બંને એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.
- ✓ 2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✗ 3. વિધાનો I અને II બંને એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
- ✗ 4. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q.118** **છ બોક્સ G, H, I, Q, R અને S એકબીજાની ઉપર ગોઠવાયેલા છે, પરંતુ જરૂરી નથી કે તે જ ક્રમમાં હોય. Sને તળિયેથી બીજા ક્રમે રાખવામાં આવ્યું છે. S અને I ની વચ્ચે માત્ર ત્રણ બોક્સ રાખવામાં આવ્યા છે. Rને Sની નીચેના સ્થાનો પૈકીના એક સ્થાન પર રાખવામાં આવ્યું છે. I અને Qની વચ્ચે માત્ર G રાખવામાં આવ્યું છે. H અને Rની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?**

**Ans**
- ✗ 1. ચાર
- ✗ 2. ત્રણ
- ✓ 3. એક
- ✗ 4. બે

**Q.119** **નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને નીચેનામાંથી કયું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય આવશે?**
**16.89 + 21.04 – 7.96 × 8.12 = ?**

**Ans**
- ✗ 1. -20
- ✓ 2. -26
- ✗ 3. -24
- ✗ 4. -22

Q.120 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 381 979 286 838 156 (જમણી બાજુ)

(દાખલા તરીકે- 697 – પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાનો પ્રથમ અંક સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે તો શું પરિણામ આવશે?

Ans
✔ 1. 15
✗ 2. 14
✗ 3. 16
✗ 4. 18

Q.121 નીચેના શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં ગોઠવેલા દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. નેનોસેકન્ડ
2. મિલિસેકન્ડ
3. સેકન્ડ
4. માઇક્રોસેકન્ડ
5. મિનિટ

Ans
✗ 1. 1, 2, 3, 5, 4
✗ 2. 4, 2, 1, 5, 3
✗ 3. 5, 1, 2, 4, 3
✔ 4. 5, 3, 2, 4, 1

Q.122 આપેલા વિધાનો અને તારણોને ધ્યાનપૂર્વક વાંચો. વિધાનોમાં આપેલી માહિતી સામાન્ય રીતે જાણીતા તથ્યો કરતાં અલગ હોય તો પણ તેને સાચી માનીને, આપેલા તારણોમાંથી કયું તારણ વિધાનોમાંથી તાર્કિક રીતે અનુસરે છે તે નક્કી કરો.

**વિધાનો:**
બધા પિતા, કાકાઓ છે.
કેટલાક પિતાઓ, પુત્રો છે.

**તારણો:**
(I) કેટલાક કાકાઓ, પુત્રો છે.
(II) કોઈપણ પુત્ર, પિતા નથી.

Ans
✗ 1. ફક્ત II અનુસરે છે
✗ 2. બંને અનુસરે છે
✗ 3. એકપણ અનુસરતું નથી
✔ 4. ફક્ત I અનુસરે છે

Q.123 જો 'FLUENCY' શબ્દના દરેક અક્ષરને મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન અપરિવર્તિત (યથાવત) રહેશે?

Ans
✔ 1. 2
✗ 2. 0
✗ 3. 1
✗ 4. 3

**Q.124** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.**
**બિંદુ S ની સાપેક્ષે બિંદુ R કઈ દિશામાં છે?**
**વિધાન I: R એ S ની પૂર્વમાં 8 m ના અંતરે છે.**
**વિધાન II: R અને S ની વચ્ચેનું લઘુત્તમ અંતર 8 m છે.**

**Ans**
✔ 1. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 2. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
✘ 3. વિધાન I અને II બંને એકસાથે લેતા પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા નથી.
✘ 4. વિધાન I અને II બંને એકસાથે લેતા (અને એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે.

**Q.125** **અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલ ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?**
**(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી)**

**Ans**
✘ 1. NK - RO
✔ 2. JG - LI
✘ 3. UR - YV
✘ 4. GD - KH

**Q.126** **'NOVICE' શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે છે અને ત્યારબાદ આ રીતે બનેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. તો આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર જમણી બાજુથી ત્રીજો હશે?**

**Ans**
✘ 1. P
✘ 2. J
✔ 3. O
✘ 4. F

**Q.127** **એક ચોક્કસ કોડ ભાષામાં, 'LAMP' ને '8362' તરીકે કોડ કરવામાં આવે છે અને 'POND' ને '2745' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી ભાષામાં 'P' માટેનો કોડ શું હશે?**

**Ans**
✘ 1. 4
✘ 2. 3
✘ 3. 7
✔ 4. 2

**Q.128** **આપેલી ખાલી જગ્યા ભરો.**
**R એ T નો/ની _____ છે. T એ Pની પુત્રી છે. P એ Rનો પતિ છે.**

**Ans**
✔ 1. માતા
✘ 2. પિતા
✘ 3. ભાઈ
✘ 4. બહેન

**Q.129** **છ વિદ્યાર્થીઓ A, O, U, W, X અને Y, દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. માત્ર બે જ વ્યક્તિઓએ Y કરતાં વધુ ગુણ મેળવ્યા છે. માત્ર W એ U કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. X એ A કરતાં વધુ ગુણ મેળવ્યા છે પરંતુ O કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. તો કેટલી વ્યક્તિઓએ X કરતાં વધુ ગુણ મેળવ્યા હશે?**

**Ans**
✘ 1. બે
✘ 2. ત્રણ
✘ 3. કોઈપણ નહીં
✔ 4. એક

Q.130 નીચે આપેલા શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.
1. અંકુરિત છોડ (Seedling)
2. ફળ (Fruit)
3. ફૂલ (Flower)
4. બીજ (Seed)
5. છોડ (Plant)

Ans
✗ 1. 4, 2, 5, 3, 1
✓ 2. 4, 1, 5, 3, 2
✗ 3. 4, 1, 3, 5, 2
✗ 4. 4, 1, 2, 3, 5

Q.131 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. નક્કી કરો કે નીચે આપેલા વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે નહીં.

પ્રશ્ન: છ વ્યક્તિઓ, C, D, E, F, G અને H નું વજન અલગ-અલગ છે. તો સૌથી ઓછું (lightest) વજન કોનું છે?

વિધાન I: C નું વજન D અને E કરતાં ઓછું (lighter) છે.
વિધાન II: F નું વજન C કરતાં વધુ છે પરંતુ G કરતાં ઓછું છે; H નું વજન G કરતાં વધુ છે; D અને E નું વજન H કરતાં વધુ છે.

Ans
✓ 1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.132 ઉત્તર તરફ મુખ કરીને ઊભેલા 76 વિદ્યાર્થીઓની એક હરોળમાં, મિસ્ટર ઇકાનિયા જમણા છેડેથી 23મા સ્થાને છે. જો મિસ્ટર ઝિયાદ એ મિસ્ટર ઇકાનિયાની ડાબી બાજુએ 20મા સ્થાને હોય, તો હરોળના ડાબા છેડેથી મિસ્ટર ઝિયાદનું સ્થાન શું છે?

Ans
✓ 1. 34મું
✗ 2. 30મું
✗ 3. 35મું
✗ 4. 32મું

Q.133 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા/પ્રતીક | ! | 4 | 3 | 2 | 6 | 5 | @ | % | 9 | 8 | * | & | # | + |
| કોડ | V | D | A | N | C | H | K | I | P | S | F | Z | X | M |

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા/પ્રતીકોના સમૂહ માટેનો કોડ શું હશે?
&6+#4

Ans
✓ 1. DCMXZ
✗ 2. DCMXA
✗ 3. DCNXZ
✗ 4. HCMXZ

Q.134 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

સંખ્યા/પ્રતીક 2 ? * @ 6 $ 1 ! 4 3 & 5 9 #

કોડ E F T Z M U P D W Y N R S O

શરતો –

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ બંને (પ્રથમ અને છેલ્લો ઘટક) ના કોડ પરસ્પર બદલી નાખવા.

(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.

(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

નીચે આપેલા સંખ્યા/પ્રતીકોના સમૂહ માટેનો કોડ શું હશે?

@&6$#

Ans
- ✗ 1. TNMUO
- ✗ 2. ZNMZO
- ✓ 3. ZNMUO
- ✗ 4. ZNMUM

Q.135 નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. (ગણતરી ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે).

(ડાબી બાજુ) A S D E L O K L N B V E F A N Z U L M N E D C (જમણી બાજુ)

એવાં કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત પહેલાં એક સ્વર આવે છે અને તરત પછી પણ એક સ્વર આવે છે?

Ans
- ✗ 1. ચાર
- ✗ 2. એક
- ✗ 3. ત્રણ
- ✓ 4. બે

Q.136 નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) J K Z F M W P Y C L O A V N Q L E P V C I (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજન છે જે દરેકની તરત પહેલા એક સ્વર આવે છે અને તરત પછી પણ એક સ્વર આવે છે?

Ans
- ✗ 1. બે
- ✓ 2. એક પણ નહીં
- ✗ 3. એક
- ✗ 4. ત્રણ

Q.137 શબ્દ CONFLUX ના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષરોના સમૂહમાં ડાબી બાજુથી છઠ્ઠા અક્ષર અને જમણી બાજુથી પહેલા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✗ 1. 0
- ✗ 2. 3
- ✓ 3. 2
- ✗ 4. 1

Q.138 જો 'P' નો અર્થ '÷' હોય, 'Q' નો અર્થ '×' હોય, 'R' નો અર્થ '+' હોય અને 'S' નો અર્થ '-' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

56 Q 4 S 20 P 5 R 30 = ?

Ans
- ✓ 1. 250
- ✗ 2. 280
- ✗ 3. 260
- ✗ 4. 270

Q.139 નેહાએ તેણીના વર્ગમાં સૌથી ઉપરથી 14મો ક્રમ અને સૌથી નીચેથી 21મો ક્રમ મેળવ્યો છે. તો વર્ગમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા _____ છે.

Ans
1. 33
2. 32
3. 31
4. 34

Q.140 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચારમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. તે કયા જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો વિકલ્પ વ્યંજન/સ્વરની સંખ્યા અથવા અક્ષરોના સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

Ans
1. OKG
2. FCX
3. XTP
4. IEA

Q.141 એક એક્યુરેટ ઘડિયાળ બપોરના 1:00 pm વાગ્યાનો સમય બતાવે છે. જ્યારે આ ઘડિયાળ સાંજના 7:30 pm વાગ્યાનો સમય બતાવશે, ત્યારે કલાકનો કાંટો કેટલા અંશ (ડિગ્રી) ફરશે?

Ans
1. 180 ડિગ્રી
2. 195 ડિગ્રી
3. 120 ડિગ્રી
4. 60 ડિગ્રી

Q.142 એક ચોક્કસ કોડ ભાષામાં,
H + K નો અર્થ થાય છે કે 'H એ K નો પુત્ર છે'
H - K નો અર્થ થાય છે કે 'H એ K ની પત્ની છે'
H × K નો અર્થ થાય છે કે 'H એ K ના પિતા છે'
H ÷ K નો અર્થ થાય છે કે 'H એ K ની માતા છે'

ઉપરોક્ત અનુસાર, જો 'B + F - J + R - N' હોય, તો B એ N સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
1. પુત્ર
2. પુત્રીનો પુત્ર
3. ભાઈ
4.
પુત્રનો પુત્ર

Q.143 પાંચ લોકો D, K, U, V અને Z પૈકી દરેકની ઉંમર અલગ-અલગ છે. ફક્ત બે વ્યક્તિઓ D કરતાં નાના છે. K એ U કરતાં નાનો છે પરંતુ V કરતાં મોટો છે. D એ Z કરતાં તરત જ મોટો છે.
તો ____ એ ઉંમરમાં સૌથી નાનો છે.

Ans
1. D
2. V
3. K
4. U

Q.144 7 વ્યક્તિઓ A, B, E, I, P, S અને W પૈકી દરેક ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠા છે.
S અને P ની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓ બેઠી છે.
I ની જમણી બાજુએ માત્ર E બેઠો છે.
P અને I ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિ બેઠી છે.
W એ A ની જમણી બાજુએ કોઈ એક સ્થાને પરંતુ B ની ડાબી બાજુએ કોઈ એક સ્થાને બેઠો છે.
હરોળના જમણા છેડાથી ત્રીજા સ્થાને કોણ બેઠું છે?

Ans
1. B
2. I
3. W
4. P

**Q.145** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પર આધારિત આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
WTY ZWB CZE FCH ?

**Ans**
- ✗ 1. IKF
- ✗ 2. FRT
- ✗ 3. IKO
- ✓ 4. IFK

**Q.146** એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો. નક્કી કરો કે નીચે આપેલા વિધાનો પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતા છે કે નહિ.

છ લોકો, V, W, X, Y, Z અને U, અલગ અલગ વજન ધરાવે છે. વજનમાં સૌથી ભારે કોણ છે?

વિધાન I: V એ W અને X કરતાં ભારે છે.
વિધાન II: Y એ Z કરતાં વજનમાં ભારે છે પરંતુ V કરતાં હલકો છે; U એ W કરતાં વજનમાં હલકો છે; X એ Y કરતાં ભારે છે.

**Ans**
- ✗ 1. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 2. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
- ✓ 3. વિધાનો I અને II માં આપેલી માહિતી એકસાથે (એકલું વિધાન I અથવા એકલું વિધાન II નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 4. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.

**Q.147** અંગ્રેજી મૂળાક્ષરના ક્રમના આધારે અમુક તર્કને અનુસરીને, QAHL એ RBIM સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, DGYN એ EHZO સાથે સંબંધિત છે. તો સમાન તર્કને અનુસરીને, PFXE એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

**Ans**
- ✗ 1. SEXH
- ✗ 2. RHZE
- ✓ 3. QGYF
- ✗ 4. PFAG

**Q.148** નીચે આપેલી અક્ષર શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) S M T P A D Q L K Z K E B Q V Y M L D M X (જમણી બાજુ)
આ શ્રેણીમાં જમણા છેડેથી ચોથા અક્ષર અને ડાબા છેડેથી સાતમા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં કુલ કેટલા અક્ષરો આવે છે?

**Ans**
- ✗ 1. બે
- ✓ 2. ચાર
- ✗ 3. પાંચ
- ✗ 4. ત્રણ

**Q.149** A, B, C, D, E, F, અને G દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે. D પહેલાં કોઈની પરીક્ષા નથી. A અને B વચ્ચે બરાબર 4 લોકોની પરીક્ષા છે. C અને D વચ્ચે બરાબર 3 લોકોની પરીક્ષા છે. Gની તરત પહેલાં Fની પરીક્ષા છે. A પછી Eની પરીક્ષા છે. શનિવારે કોની પરીક્ષા છે?

**Ans**
- ✗ 1. B
- ✓ 2. E
- ✗ 3. A
- ✗ 4. D

**Q.150** જો '+' અને '-' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?)નાં સ્થાને શું આવશે?

81 - 27 × 9 + 9 ÷ 3 = ?

**Ans**
- ✗ 1. 61
- ✓ 2. 57
- ✗ 3. 45
- ✗ 4. 52

"